ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૦ ટકા

# આજે શહેરમાં ઋષિપંચમીનું વ્રત ઉજવાશે

## ઋષિપંચમી નિમિત્તે પેથાપુરમાં યાત્રાની પરંપરા છે પરંતુ આ વર્ષે માત્ર પાલખી યાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

આજે ઋષિપંચમી નિમિત્તે બહેનો દ્વારા વ્રત કરવામાં આવે છે. ઋષિપાંચમમાં સામા નામનું ધાન્ય ખાવાનું મહત્વ છે જેથી બજારોમાં તથા સેકટરોમાં ઠેક ઠેકાણે નાના નાના ફેરિયાઓ સામો વેચી રહ્યા છે.

ઋષિપંચમી એ ભાદરવા સુદ પાંચમને દિવસે ઉજવવામાં આવતું એક વ્રત છે. આ દિવસે બહેનો સ્ત્રી દોષોથી થતા રોગની મુકિત માટે વ્રત કરે છે. જેમાં સામા નામનું ઋષિધાન્ય ખાઈને ફળાહાર કરીને નદીએ જઈને સ્નાન કરી હિંદુ ધર્મના સાત ઋષિઓ જેવા કે કશ્યપ, અત્રિ, ગૌતમ, ભારધ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ અને વસિષ્ઠની પૂજા કરે છે તેથી આ વ્રતને ઋષિપાંચમ, ઋષિપંચમી અથવા સામાપાંચમ પણ કહેવાય છે.

ઋષિપંચમી વ્રત પાપને નાશ કરનાર અને શ્રેષ્ઠ ફળદાયી ગણાય છે. આ વ્રત કરવાથી રજસ્વલા દોષ હોય તો એ પણ મટી જાય છે. આ રજસ્વલા દોષને



દૂર કરવા માટે ઋષિપંચમીનું વ્રત કરવામાં આવે છે.

ઋષિ પંચમીના દિવસો કંદમૂળને બદલે વાડાના શાક ખાવામાં આવે છે. ખડધાનમાં સામો ઉપરાંત વાડાના તમામ શાક પણ પાંચમના પર્વે ખવાય છે. જેમાં દૂધી, તૂરીયા, ચીભડુ, ગલકા વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત તમામ પ્રકારના ફળ પણ ખાઈ શકાય છે. આ પર્વે કંદમૂળના ભોજનનો નિષધ હોવાથી સૂરણ કે બટાકાનો ખાવામાં ઉપયોગ કરવામાં આવતો નથી.

પેથાપુરમાં દર વર્ષે ઋષિ પંચમી નિમિત્તો નદીકિનારે વાલ્મિકી સમાજ દ્વારા યાત્રા યોજાય છે. જે આ વર્ષે મોકૂફ રાખવામાં આવી છે પરંતુ પાલખી કાઢવાની મંજૂરી સરકાર તરફથી મળતા આ વર્ષે પેથાપુરમાં ગાઈડલાઈનનું પાલન કરીને પાલખી કાઢવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ૨૭મી શોભાયાત્રા નીકળવાની છે.

આ શોભાયાત્રા દિલ્હી ખાતે, સાબરકાંઠામાં પ્રાંતિજ ગામે તથા પેથાપુર ગામે ફેરવવામાં આવે છે. પેથાપુર ખાતે વર્ષ ૧૯૯૩ના રોજ પ્રથમ શોભાયાત્રા ફેરવવામાં આવી હતી. જેનું આયોજન સ્થાપક ગજેન્દ્રભાઈ વાઘેલા, સ્વ. દલપતભાઈ વાઘેલા, સ્વ. રમેશભાઈ વાઘેલા, પરસોત્તમ મકવાણા, સ્વ. ડાહ્યાભાઈ વાઘેલા, જસુભાઈ વાઘેલા દ્વારા કરાયું હતું. ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળના બધા જ કાર્યકરોનો સહકાર આ પ્રસંગે મળે છે. આ પ્રસંગે ગુજરાત રાજયના મંત્રીઓ, ધારાસભ્યો, પેથાપુરના આગેવાનો પણ ઉપસ્થિત રહે છે.



ચ-૦ સર્કલથી રક્ષાશકિત સર્કલ વચ્ચે ધોળાકુવા ગામ તરફ જતા માર્ગને લોકો જોખમી રીતે ક્રોસ કરે છે આ બાબત ટ્રાફિક પોલીસના ધ્યાને પડતા અહીંની જોખમી ઝાડીને દૂર કરી જોખમી કટને બંધ કરી રેડીયમ પટ્ટી લગાવાઈ છે જેથી અકસ્માત થતા અટકાવી શકાય.

## રાંદેસણ ખાતે મનપાની જાહેર બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા સમાયેલા વિસ્તારોની પૂરતી સગવડો આપ્યા સિવાય પાછલા વર્ષોનો મ્યુનિસિપલ ટેક્ષની બાકી નીકળતી રકમ લાખો રૂપિયાની નોટીસો બજાવેલ છે. તે અન્વયે સંબંધિત સોસાયટી અને નાગરિકોના આગેવાનોની આ બાબતે ચર્ચા વિચારણા કરી યોગ્ય રજૂઆત અને ભાવિ પગલાં લેવા માટે જાહેર મિટીંગનું આયોજન કરેલ છે. જે રવિવારના રોજ સવારે ૯ વાગે, ઊર્જાનગર બંગ્લોઝ-૨, પ્રતિક મોલની પાછળ, પાણીની ટાંકીવાળો બગીચો, રાંદેસણ ખાતે યોજાશે. તેથી સર્વેએ હાજર રહેવા કન્વીનર દ્વારા જણાવવામાં આવ્યું છે.



ટોક્યો પેરાલ્મિકમાં ભારતના પેરા ખેલાડીઓએ વિક્રમજનક ઐતિહાસિક દેખાવ કરી દેશનું નામ રોશન કર્યુ છે. વડાપ્રધાને અગાઉ આપેલા વચન અનુસાર ટોક્યોથી પરત ફરેલા દિવ્યાંગ ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી જેમાં ગાંધીનગરની પેરાબેડમિન્ટનની આંતરરાષ્ટ્રીય ખેલાડી પારૂલ પરમારનો પણ સમાવેશ થાય છે.



કેવડા ત્રીજ નિમિત્તે સેકટર-૨૭ની ગાયત્રી સોસાયટીમાં કેવડા ત્રીજનું બહેનો દ્વારા શ્રધ્ધાપૂર્વક પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું.

## કુમુદભાઈ ઠાકરના સંસ્મરણ ગ્રંથ વિમોચન ઉત્સવ




ગાંધીનગર, તા. ૧૦

શિક્ષક દિન નિમિત્તે રવિવારના રોજ 'જીવન અને વિદ્યાના સમન્વયાચાર્ય' સંસ્મરણ ગ્રંથ વિમોચન ઉત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભાણદેવજી (લોકભારતીના પૂર્વ અધ્યાપક) ઉપસ્થિત રહ્યા હતા. તથા અતિથિવિશેષ તરીકે પ્રકાશભાઈ શાહ (દર્શક ફાઉન્ડેશનના ટ્રસ્ટી) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અનેક નાગરિકોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## બીસીએ કોલેજમાં 'રિઝયુમ બિલ્ડીંગ' વિષય પર વેબીનાર

ગાંધીનગર, તા.૧૦

બી.પી.કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ વી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર પાંચના વિદ્યાર્થીઓ માટે 'રિઝયુમ બિલ્ડીંગ' વિષય પર વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનાર વિશે વધુ માહિતી આપતાં કોલેજના ડાયરેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ જયારે ફ્રેશર તરીકે નોકરીમાં જોડાવા માંગતા હોય છે ત્યારે તેઓને પોતાનો રીઝયુમ કઈ રીતે બનાવવો તેનું વિશેષ જ્ઞાન હોતું નથી, આ વિષેની વધુ જાણકારી તેઓ મેળવી શકે તે માટે કોલેજના પ્લેસમેંટ સેલ દ્વારા આ વેબીનાર ગોઠવાયો હતો. આ વેબીનાર અંતર્ગત વિષય તજજ્ઞ તરીકે પ્રોફેસર પ્રિયંકા શાહ અને પૂજા જોશીએ પોતાની સેવાઓ આપી હતી. વિદ્યાર્થીઓને સીવી, બાયોડેટા અને રિઝયુમ વચ્ચેનો તફાવત ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યો હતો સમગ્ર વર્કશોપનું આયોજન પ્લેસમેંટ કોર્ડિનેટર્સ દ્વારા ડાયરેક્ટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## કુડાસણ ખાતે બ્રહ્માકુમારીઝનું મેડિટેશન સેન્ટર કાર્યરત

ગાંધીનગર, તા. ૧૦

કુડાસણ ખાતે નવકાર બંગલોમાં બ્રહ્માકુમારી કૈલાશદીદી દ્વારા કાર્યરત થયું નવું મેડિટેશન સેન્ટર. નવા ગાંધીનગરના વિકાસ અને વિસ્તાર સાથે લોકમાનસની આધ્યાત્મિકતા પ્રત્યેની વધતી જતી ઉત્કંઠા અને માંગને ધ્યાને લઈ બ્રહ્માકુમારી ઊર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. રંજનબેન દ્વારા નવું મેડિટેશન સેન્ટર શરૂ કરવાનો સંકલ્પ કરેલ જેને બ્રહ્માકુમારી સેક્ટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા કૈલાશદીદી, ચીલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. તારાબેન, બી.કે. રંજનબેન, બી.કે. રાજુભાઈ, બી.કે. સંદીપભાઈ, તથા અગ્રગણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યરત કરેલ છે. આ નવા મેડિટેશન સેન્ટર પર સપરિવાર પધારી વિનામૂલ્યે રાજયોગ સાપ્તાહિક કોર્ષ કરવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે. વધુ માહિતી માટે બી.કે. રંજનબેન ફોન નં. ૯૮૭૯૬૧૨૧૧૦ તથા બી.કે. સંદીપભાઈ ફોન નં. ૯૯૦૯૦૬૬૬૬૩ પર સંપર્ક કરવો.

## સરકારી વિનયન કોલેજ ખાતે એક ભારત શ્રેષ્ઠ પ્રકલ્પ અંતર્ગત વિશિષ્ટ વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૦

સરકારી વિનયન કોલેજ-ગાંધીનગર સેકટર-૧૫ દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પ્રકલ્પ અંતર્ગત 'રાષ્ટ્રીય એકતાનું માધ્યમ - ભારતીય સંસ્કૃતિ' વિષય પર ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. ગિરીશભાઈ ઠાકરનું ઓનલાઈન મનનીય વ્યાખ્યાનનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમણે ભારતીય શબ્દની શાસ્ત્રીય વ્યુત્પત્તિ આપી રાષ્ટ્રીય એકતા માટે ભારતીય સંસ્કૃતિના મૂળભૂત વિચારો અને ઘટક તત્ત્વોની સપ્રમાણ સુંદર છણાવટ કરી હતી. આ સાથે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને ઐતિહાસિક વારસાને વધુમાં વધુ જાણવા અને તેનું જતન કરવા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. અનૂપાબેન ચૌહાણના માર્ગદર્શનમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના કન્વીનર ડૉ. શીતલ ચૌધરી તથા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## એમ.બી. પટેલ શાળામાં ઓનલાઈન ગણપતિ બનાવવાની સ્પર્ધા








ગાંધીનગર, તા.૧૦

એમ.બી. પટેલ શાળામાં ગણેશ ચતુર્થી પર્વ નિમિત્તે ધોરણ-૮ની વિદ્યાર્થીની બહેનોએ માટી, પાંદડા, કઠોળ, અનાજ વગેરેમાંથી ગણપતિ બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિ કરી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચેતનાબેન પટેલ અને ચેતનભાઈ પંચાલે કર્યું હતું. શાળાના પ્રિન્સિપાલ નીરુબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

આજરોજ સેક્ટર-૭ ખાતે પટેલવાડીમાં ''અર્બનફલીપ'' લાઈફસ્ટાઈલ અને ફેશન એકઝીબીશનનું ઉદ્‌ઘાટન ગાંધીનગરનાં અંતરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ડોલમેકર રંજનબહેન ભટ્ટ અને સ્કલ્પચર આર્ટિસ્ટ કાર્ટુનીસ્ટ હરિન ભટ્ટના હસ્તે કરવામાં આવ્યુ હતુ. જે અમદાવાદ ચેમ્બર ઓફ કોમર્સનાં મહિલા પાંખના ચેર પર્સન હેતલ અમિત દ્વારા આયોજીત કરવામાં આવેલ.



## એસ.એસ.વી. શાળામાં ગણેશચતુર્થીની ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ માટીમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશની પ્રતિમા બનાવી સંકટહર્તા શ્રી ગણેશની આરાધના કરી હતી. પીઓપીની બનેલ મૂર્તિઓ પાણીમાં ઓગળી શકતી નથી. જેથી મૂર્તિ આમ તેમ પડી રહે છે. જેથી ભગવાનનું અપમાન થાય છે. જેના ઉપાય તરીકે છેલ્લા થોડા વર્ષથી ઈકો ફ્રેન્ડલી એટલે કે માટીમાંથી ભગવાનની પ્રતિમા બનાવવાનું ચલણ પ્રચલિત થયું છે. જેથી શાળામાં માટીમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશની પ્રતિમા બનાવાઈ હતી.

## લેકાવાડામાં સરપંચના પતિએ સરકારી ગ્રાન્ટનો દૂરઉપયોગ કર્યો

ગાંધીનગર, તા.૧૦

લેકાવાડામાં સરપંચના પતિએ સરકારી ગ્રાન્ટમાંથી ખરીદેલા બાંકડા પોતાના ઘરમાં ભેગા કર્યા છે. સરપંચના પતિ દ્વારા સરકારી ગ્રાન્ટમાંથી મળતી સરકારી મિલકતોનો ગેરવ્યાજબી તરીકે કબજો કરી લીધો છે. ઘરના વાડામાં બાંકડાઓ પડી રહ્યા છે તથા સરકારી જમીનનો ગેરકાનૂની કબજો કરી વાડાપત્રકમાં ખોટી રીતે પોતે નામ ઉમેરેલું છે અને વાડાના ફરતે સરકારી ખર્ચે ઘોરો બનાવ્યો છે. ગ્રામજનોને સરકારી ગ્રાન્ટમાંથી મળતી સુવિધાઓ હજી સુધી મળી નથી. સરપંચોના પતિઓ જ સરપંચ બનીને પોતાનું ધાર્યુ કરી રહ્યા છે. તથા ગામના મુખ્ય માર્ગ પર પાણી ભરાય છે જેનાથી રોગચાળો ફેલાવાનો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે. આ બધી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ગ્રામજનોએ અપીલ કરી છે.

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સામવેદી શ્રાવણી નિમિત્તે યજ્ઞોપવિત ધારણનો પ્રસંગ યોજાયો



ગાંધીનગર, તા.૧૦

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા ભાદરવા સુદ ત્રીજના દિવસે યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ વૈજનાથ મહાદેવ મંદિર, સેકટર - ૨૧, ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે કોરોનાની ગાઈડલાઈન સાથે ઋષિકુમારોએ આ પવિત્ર પ્રસંગે જનોઈ બદલાવી હતી. દર વર્ષની જેમ જ્ઞાતિજન અને જ્ઞાતિ પુરોહિત શ્રી બાલકૃષ્ણ જોષીએ સુંદર વિધિ કરાવી હતી. સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ ત્રિવેદી તથા મંત્રી શ્રીમતી વિમળાબેન અયાચીએ જ્ઞાતિજનોને આ પ્રસંગે શુભકામનાઓ પાઠવી હતી.



## અખંડ સૌભાગ્ય પ્રાપ્ત કરવા શિવજીની પૂજા

શિવજીને પ્રસન્ન કરવા અને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત કરવા માટે ભાદરવા સુદ ત્રીજના દિવસે કેવડાત્રીજની ઉજવણી કરવામાં આવે છે. આખો દિવસ નકોરડો ઉપવાસ કરી મહિલાઓ શિવજીની પૂજા કરે છે. શિવાલયોમાં વહેલી સવારથી જ મહિલાઓની ભીડ એકત્ર થવા માંડે છે. સેકટર-૫ના મંદિર ખાતે મહિલાઓએ કેવડાત્રીજની પૂજા કરી હતી.




ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી આઈઆઈટી-ગાંધીનગર દ્વારા સિક્કિમની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-એનઆઈટી સાથે સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ, શૈક્ષણિક સહભાગિતા તથા સંશોધન ક્ષેત્રે પારસ્પરિક આદાન-પ્રદાન હેતુસર એમઓયુ સાઈન કરવામાં આવ્યાં છે જે અંતર્ગત સમર રિસર્ચ ઈન્ટર્નશિપ પ્રોગ્રામનો વિદ્યાર્થીઓ લાભ મેળવી શકશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા ભૂપતસિંહ નટવરસિંહ**, ઉ.વ. ૯૦, પેથાપુર
- **સ્વ. ચાવડા શણગારબેન ચંદ્રસિંહ**, ઉ.વ. ૭૮, સેકટર-૨૯
- **સ્વ. પ્રજાપતિ નાથારામ હીદાજી**, ઉ.વ. ૮૫, વાવોલ

## જન્મદિને વધામણી



જગદીશ ગોર 'શરમાળ'
કચ્છી-ગુજરાતી કવિ-લેખક
મો. ૯૪૨૭૨ ૦૮૬૧૬



કોકિલાબેન વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



કનુભાઈ આઈ દવે
મો. ૯૭૨૩૫ ૪૨૦૪૦



હિમાશી વિજયભાઈ ચૌધરી
મો. ૭૪૮૫૯ ૮૫૦૭૦



આનલ મનીષકુમાર મકવાણા
ફોન : ૨૩૨૪૯૪૯૦

## શિક્ષક સહાય યોજના અંતર્ગત લાભાર્થીઓના ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષક સહાય યોજના અંતર્ગત સભાસદ શિક્ષક ભાઈ-બહેનોનું ચાલુ ફરજ દરમ્યાન અવસાન થયેલ હોય અને અસાધ્ય બિમારી જેવી કે કેન્સર અને કિડનીના રોગથી પીડિત હોય તેવા શિક્ષક ભાઈ-બહેનોને સહાય આપવા તથા સભાસદ ભાઈ-બહેનોના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

ધો.૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તથા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સભાસદ શિક્ષક ભાઈ-બહેનોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવનાર છે. તેમજ નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારની પ્રોત્સાહિત ઈનામ આપવાના હોઈ જિ.પ્રા.શિ. સંઘના નિયત ફોર્મ મેળવી, ફોર્મની વિગત ભરી ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકાકક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ, મંત્રીને તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં પહોંચાડવાના રહેશે. સહાયનું નિયત ફોર્મ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષક ભવન, સે. ૧૨ ગાંધીનગરના કાર્યાલયેથી તેમજ તાલુકાકક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ-મંત્રી પાસેથી મળી રહેશે. ૫ મી ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં નિયત ફોર્મ તાલુકા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાલયે મળે તેવી પદ્ધતિથી મોકલી આપવાના રહેશે. નિયત સમય મર્યાદા બાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ તેવુ શિક્ષક સંઘની અખબારી યાદીમાં જણાવાયુ છે.